## વાત્રક પુનર્વસનની જમીન બની આફતરુપ : મેઘરજના ઈપલોડામાં તળાવનાં પાણી ભરાતાં ખેડૂત પાયમાલ



મેઘરજના ઈપલોડા વિસ્તારમાં વાત્રક ડેમમાં જમીન આપનારા ખેડૂતોને પુનર્વસન કરી જમીન ફાળવવામાં આવી હતી પરંતુ ચોમાસા દરમ્યાન વાત્રક પુનર્વસનની જમીન આફતરૂપ બની રહ્યાનો ખેડૂતે આરોપ લગાવ્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જે તે વિસ્તારોમાં સિંચાઈની સુવિધા ઉભી કરવા માટે ડેમ બનાવ્યા હોય અને તેના કારણે ડૂબમાં જતા ગામોના ખેડૂતોના પુનર્વસન માટે સરકાર દ્વારા નજીકમાં જમીન ફાળવી આપવાની જોગવાઈ કરી હતી. તે અંતર્ગત મેઘરજના ઈપલોડા ગામના ખેડૂતોની જમીનો વાત્રક ડેમમાં સંપાદન થયા પછી પુનર્વસન યોજના અંતર્ગત ઈપલોડાના ખેડૂત સરદારજી ખાતરાજી કોટવાલને પણ જમીન ફાળવવામાં આવી હતી. તેમની જમીન નજીક આવેલ તળાવનું પાણી ખેડૂત માટે પરેશાનીનું કારણ બન્યું છે. ચોમાસું આવે ત્યારે તળાવમાં પાણી ભરાય અને ખેડૂતનું ખેતર બેટમાં ફેરવાઈ જાય છે. આ વર્ષે પણ વરસાદ પછી તળાવ ભરાયું અને ખેડૂતની ઉભી ખેતી પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. છેલ્લા ૨૦ વર્ષથી આવી હાલત હોવાના કારણે ખેડૂત પરિવાર દ્વારા અન્ય જગ્યાએ જમીન ફાળવવાની મેઘરજ તેમજ જિલ્લા કક્ષાએ અધિકારીઓ સમક્ષ રજૂઆત પછી પણ ખેડૂતનું કોઈ સાંભળતું નથી.

## ડીસાના ઢુવા રોડ ઉપર નમી પડેલા વિજ થાંભલા જીવલેણ



ડીસાના રેલ્વે સ્ટેશનથી ઢુવા રોડ ઉપર જુનાડીસા ગામની સિમમા આવેલ ખેતરોમા વિજ થાંભલા જીવંત વાયર સાથે છેલ્લા કેટલાય સમયથી નમી પડ્યા છે. હાલમા ચોમાસુ સિઝન ચાલી રહી છે.તેથી મોટી દુર્ઘટના સર્જાવાની દહેશત વર્તાય છે. આ બાબતની જાણ વિજ તંત્રને કરવા છતા હજુ સુધી આ વિજ થાંભલાને અને વિજ વાયરને ખેચવાની કામગિરી કરવામા આવતી નથી.તેથી નારાજ ખેડૂતોએ વિજ તંત્ર હોનારતની રાહ જોતું હોવાનો કટાક્ષ કરી નઘરોળ તંત્ર સામે બળાપો ઠાલવ્યો હતો.

## ધાનેરામાં ગટરો ઉભરાતા રોસે ભરાયેલી જનતા નગરપાલિકા ખાતે પહોંચી રજૂઆત કરી



ધાનેરા માં જાહેર ગટરોના પાણી લોકોના ઘર અને દુકાનોમાં ઘૂસી જતા રોસે ભરાયેલી જનતા ઉગ્ર રજૂઆત કરવા નગરપાલિકા ખાતે પહોંચી હતી પરંતુ સત્તાધીશોની ખુરશીઓ ખાલી જોવા મળતા મહિલાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ધાનેરા વાલ્મિકી વાસ માં રહેતી મહિલાઓના ઘર સુધી ગટરોના પાણી પહોંચી જતા મહિલાઓ ત્રાહિમામ પોકારી ઊઠે છે ત્યારે આજે રોસે ભરાયેલી મહિલાઓ નગરપાલિકા ખાતે રજૂઆત કરવા પહોંચી છે. ત્યાં કોઈ સત્તાધીશ હાજર જોવા મળ્યા ન હતા અને ખુરશીઓ ખાલી જોવા મળતા મહિલાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે . રજૂઆત કરવા પહોંચેલી મહિલાઓ નગરપાલિકા આગળ જ બેસી ગઈ હતી અને જ્યાં સુધી તેમની રજૂઆત કોઈ ન સાંભળે ત્યાં સુધી ઘરે પરત ન જવાનો નિર્ણય લીધો હતો. કલાકો સુધી મહિલાઓ ત્યાં બેસી રહી હતી પરંતુ પાલિકાના કોઈ જ સત્તાધિશો આવ્યા ન હતા જેથી મહિલાઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે તે ઠેર ઉભરાતી ગટરોને લઈ ધાનેરા વાસીઓ ભારે હાલાકી નો સામનો કરી રહ્યા છે. ત્યારે લોકોની માંગ છે કે તાત્કાલિક ધોરણે ઉભરાતી ગટરોનો નિરાકરણ લાવવામાં આવે.

## અરવલ્લી જિલ્લાના ધનસુરામાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો



અરવલ્લી જિલ્લાના ધનસુરા માં મતદારયાદી સુધારણા કાર્યક્રમ ૨૦૨૨ અંતર્ગત મતદારયાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો.જેમાં મતદારયાદી માં વિવિધ સુધારા કરવા માટે ખાસ ઝુંબેશ યોજાઈ હતી.જેમાં ૧-૧૦-૨૦૨૨ ના રોજ જેમની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ થતી હોય તે લોકો મતદાર યાદીમાં નામ નોંધણી કરાવી અને ચુંટણી માં મતદાન કરી શકે છે.આ અંતર્ગત અરવલ્લી જિલ્લાના ધનસુરા માં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ યોજાયો હતો. સાથે મતદાર યાદીમાં નવું નામ દાખલ કરવું,ચૂંટણી કાર્ડ સાથે આધારકાર્ડને લિંક કરવું,મતદારયાદી માંથી નામ કમી કરવું,મતદાર યાદીમાં નોંધાયેલી વિગતમાં સુધારા કરવા જેવી બાબતો અંગે કામગીરી કરવામાં આવી હતી.ધનસુરા માં યોજાયેલ મતદારયાદી સુધારણા કાર્યક્રમ માં લોકો એ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. હવે આ કાર્યક્રમ ૨૮ ઓગષ્ટ,૪ સપ્ટેમ્બર,૧૧ સપ્ટેમ્બર ના રોજ સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી યોજાશે.આ કાર્યક્રમ ધનસુરા મામલતદાર ના માર્ગદર્શન માં યોજાયો હતો જેમાં રાહુલભાઈ નાયબ મામલતદાર મતદારયાદી સહિત સ્ટાફ અને બી.એલ.ઓ જોડાયા હતા.

## ધાનેરાની અંબિકા શોપિંગ સેન્ટરમાં કરિયાણાની દુકાનમાં થયેલી ચોરીનો ભેદ પોલીસે ઉકેલ્યો



ધાનેરા અંબિકા શોપિંગ સેન્ટરમાં મોડી રાત્રે કોઈ અજાણ્યા શખ્સોએ ગુરુદેવ પ્રોવિઝન નામની દુકાનનું શટર તોડી તેમાં પડેલ કરિયાણાનો માલ સામાન ચોરી કરી ગયા હતા. સમગ્ર ઘટનાની જાણ વહેલી સવારે દુકાનદારને થતા દુકાનદારે સમગ્ર ઘટના પોલીસને જણાવી હતી ત્યારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્ડીવી ડોડીયા સહિત તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. તે બાદ પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોરીના મુદ્દા માલ સાથે બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ધાનેરા રેલ નદીના પુલ પાસેથી જઈ રહેલી કમાન્ડર ગાડીની તલાસી લેતા તેમાંથી કરિયાણાનો માલ સામાન મળી આવ્યો હતો. પોલીસને આ બાબતે શંકા જતા પોલીસે ગાડીના ચાલકની કડક પૂછપરછ કરતાં ગાડીના ચાલકે ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું ત્યારે પોલીસે બે લોકો સહિત ગાડી અને મુદ્દા માલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ચોરીના મુદ્દા માલ સાથે પકડાયેલા આરોપીઓએ અન્ય ચાર લોકોના નામ ખુલ્યા હતા અને છ લોકોએ ભેગા મળી ચોરીને અંજામ આપ્યો હતો. ત્યારે ધાનેરા પોલીસે બે લોકોની અટકાયત કરી છે અને અન્ય ચાર ઈસમોને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલ્યા હતા ધાનેરાના લોકોએ પણ પોલીસ ટીમની કામગીરીને બિરદાવી હતી.

### નબળી કામગીરીથી મંત્રીનાં ખાતાં બદલાતા હોય તો પ્રભારી માટે કેમ નહીં ?

# અરવલ્લી ભાજપમાં સંકલનની મીટીંગોનું ઉબાળીયું, પ્રદેશ સુધી ફરિયાદ પહોંચી

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એક હથ્થુ શાસનના ગંભીર આરોપ

હિંમતનગર, તા.૨૩

રાજ્ય મંત્રી મંડળના ૨ મંત્રીઓ પાસેથી મહત્વનાં ખાતાં છીનવી લેવાયા પછી અરવલ્લી ભાજપમાં સંકલનની મીટીંગોનું ઉબાળીયું થઈ રહ્યાની ગંભીર ફરિયાદો વિવિધ વિસ્તારોમાંથી પ્રદેશ સુધી પહોંચતાં તેની ગંભીર નોંધ લેવામાં આવી છે. જ્યારે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં એક હથ્થુ શાસન અને અન્ય પદાધિકારીઓને કોઈપણ બાબતે પૂછવામાં આવતું ન હોવાના ગંભીર આરોપ લાગી રહ્યા છે. રાજ્ય સરકારમાં નબળી કામગીરીથી મંત્રીનાં ખાતાં બદલાઈ જતાં હોય તો પછી સામા ઈલેકશને નબળી કામગીરી કરતા સંગઠન પ્રભારી માટે પણ આવા નિયમો કેમ લાગુ થતા નથી .?? તેવા સવાલ અનેક કાર્યકરો કરી રહ્યા છે.

### અહમ્ આશ્ચર્યમ્ દરેક જગ્યાએ સંકલનની બેઠક યોજાય છે, પ્રભારી

અરવલ્લી જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈએ જણાવ્યું કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓમાં સામાન્ય સભા અગાઉ સંકલનની બેઠક યોજાય છે તો પછી પ્રદેશ સુધી બેઠક યોજાતી ન હોવાની ફરિયાદો કેવી રીતે પહોંચી..?? જિલ્લા પ્રભારી કેટલાક પદાધિકારીઓને છાવરતા હોય તેવી છાપ ઉપસી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠનના કેટલાક પદાધિકારીઓની કામગીરી સામેનો આક્રોશ ગાંધીનગર કમલમ્ સુધી પહોંચ્યો છે અને આવનારા દિવસોમાં આક્રોશ ચરમસીમાએ પહોંચે તેવી પૂરે પૂરી સંભાવના છે. ભાજપ શાસિત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં વિકાસના કામોના આયોજન અને પરામર્શ માટે નિયમિત સંકલનની બેઠક યોજવાની હોય છે પરંતુ છેલ્લા ૧૭ મહિનામાં મોટાભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સંકલનની બેઠકો યોજાઈ નથી અને માત્ર એકાદ પદાધિકારીના ઈશારે જ તેમના મળતિયા માણસો દ્વારા કામગીરી થતી હોવાના ગંભીર આરોપસર પુરાવા સાથેની ફરિયાદ પ્રદેશ સુધી પહોંચી છે. જ્યારે વિધાનસભાની ચૂંટણીઓ સામે છે ત્યારે બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, મોડાસા અને ભિલોડા તાલુકામાં જિલ્લા સંગઠનની કામગીરી સામે જે રીતે સતત રોષ વધી રહ્યો છે તેની જાણકારી મેળવ્યા પછી પ્રદેશ કક્ષાએથી પણ આ મુદ્દે ગંભીર નોંધ લીધાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### મચ્છરોનો ઉપદ્રવ વધતાં માંદગી વધી

## સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સાદા તાવના ૨૫,૦૦૦થી વધુ દર્દી : દવા છંટકાવની માંગ

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૩

જિલ્લામાં વરસાદ પછી મચ્છરોનો ઉપદ્રવ સતત વધી રહ્યો છે. જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોના ઉપદ્રવને નાથવા કોઈ અટકાયતી પગલાં ન ભરાતાં જિલ્લામાં મચ્છરજન્ય સાદા તાવના ૨૫,૦૦૦ થી વધુ દર્દી હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે.



માંદગીનું પ્રમાણ વધતાં ખાનગી હોસ્પિટલ-દવાખાનાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે.

વર્ષ-૨૦૨૨ માંદગીનું વર્ષ જાહેર કરવું પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓનાં પગારના ઠેકાણાં ન હોય ત્યાં આરોગ્યની જરૂરી સવલતોનો વિચાર કરવો મૂર્ખતા સમાન છે. જિલ્લામાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. અગાઉથી જિલ્લો મેલેરીયા મુક્ત જાહેર કરાયો છે. તેથી કિટનાશક દવાઓનો પર્યાપ્ત જથ્થો તંત્રને મળતો નથી. સાબરકાંઠા, અરવલ્લીના ૧૬૦૦થી વધુ ગામડામાં મચ્છરોના ડંખથી નાના-મોટા સૌ કોઈ તાવમાં પટકાયા છે કેટલાક કિસ્સામાં ઝેરી મેલેરીયાના કેસ પ્રકાશમાં આવતા આરોગ્ય તંત્ર ઉંધા માથે થયું છે. જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા મચ્છરોના ઉપદ્રવને નાથવા દવા છંટકાવ કરવામાં નહીં આવે તો સાતમ-આઠમના તહેવારો દરમ્યાન અડધો અડધ જિલ્લાની પ્રજા માંદગીની ઝપેટમાં આવી જાય તેવી દહેશત સેવાઈ રહી છે. મેલેરીયાના કેસ સાથે કેટલાક વિસ્તારમાં ડેન્ગ્યુના કેસ નોંધાતાં આરોગ્ય વિભાગે સજાગ થવાની જરૂરી છે.

### ભૂંડના આતંકથી મગફળીના વાવેતરનો સફાયો

## લાલપુરમાં ૫૦ વીઘા મગફળીના વાવેતરમાં ભૂંડનું ભેલાણ : ૧૩ ખેડૂતો ભૂંડના ત્રાસથી પાયમાલ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

મોડાસા તાલુકાના લાલપુર (સરડોઈ) ગામે ભૂંડના આતંકથી મગફળીના વાવેતરનો સફાયો થયો છે. ૬૦ વિઘા મગફળીના વાવેતરમાં ભૂંડનાં ટોળાંએ ભેલાણ કરી ઉભો પાક તહસ નહસ કરી નાખતાં આ વિસ્તારના ૧૩ ખેડૂતોને ભેલાણથી અંદાજીત રૂ ૫ લાખનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ખરીફ સીઝનની ખેતીમાં ખેડૂતોએ મોંઘુદાટ બિયારણ લાવી ખેતરમાં વાવેતર કર્યું જેમાં સારા વરસાદથી મગફળીનું ઉત્પાદન વધવાની આશા ખેડૂતો રાખીને બેઠા પરંતુ ઉભા ખેતરોમાં ભૂંડનાં ટોળાંએ ભેલાણ કરતાં વાવેતરનો ખુડદો બોલ્યો છે.

- ખરીફ સીઝનની ખેતીમાં સંજીવનીરુપ વરસાદ વરસતાં આ ણસાલ પાક ઉત્પાદનમાં વધારો થવાની આશા ખેડૂતો રાખીને બેઠા છે પરંતુ અન્ય ખેતીની સીઝનની જેમ ખરીફ સીઝનમાં પણ ભેલાણનો પ્રશ્ન ખેડૂતો માટે ચિંતાનો વિષય બન્યો છે. ખેતરોમાં રાત્રે ચોકી પહેરો કરવા છતાં નિલગાય તેમજ ભૂંડનાં ટોળાં દ્વારા ઉભા પાકનું



ભેલાણ થતું હોય છે. મોડાસા તાલુકાના લાલપુર (સરડોઈ) વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ભૂંડના ત્રાસથી ખેડૂતો પરેશાન બની ગયા છે. વર્તમાન સીઝનમાં ખેડૂતોએ મગફળીના પાકનું વાવેતર કર્યું હતું જેમાં સમયસર મેઘમહેર અને દવા છંટકાવ તેમજ ખાતર આપવાથી

**કયા ખેડૂતોને ભેલાણથી નુક્સાન..**
દિનેશ કાળાભાઈ પટેલ
દિનેશ માંનાભાઈ પટેલ
વાલજીભાઈ જેઠાભાઈ પટેલ
હસમુખ કેશાભાઈ પટેલ
મણીલાલ વિશાભાઈ પટેલ
કનુભાઈ ધર્માભાઈ પટેલ
અશોક રેવાભાઈ પટેલ
દિલીપ ધુળાભાઈ પટેલ
રાજાભાઈ શામળભાઈ
પટેલ મહેશ હેમાભાઈ પટેલ
પ્રદિપ કનુભાઈ પટેલ
કોદર કાંહ્યાભાઈ પટેલ
લવજીભાઈ મૂળચંદભાઈ પટેલ

મગફળીના પાકનું ઉત્પાદન વધવાની ખેડૂતો આશા રાખીને બેઠા હતા પરંતુ રાત્રિના સમયે ખેતરોમાં ઉતરી પડતાં ભૂંડનાં ટોળાંએ આ વિસ્તારના ૬૦ વિઘામાં મગફળીના ઉભા પાકનું ભેલાણ કરી નાખતાં ખેડૂતોને મોટો ફટકો પડ્યો છે. ખેડૂતોની રાત્રે હાજરી રહેતી હોવા છતાં ભૂંડનાં ટોળાં દિવસ દરમ્યાન જંગલોમાં છૂપાઈ રહ્યા પછી રાતના સમયે ખેતરોમાં ઉમટી પડી ખેતરમાં વાવેતર કરેલ મગફળીના પાક ઉખેડી ભેલાણ કરી નાખતાં ૧૩ ખેડૂતોને રુ ૫ લાખનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. ભૂંડના ભેલાણ સાથે અન્ય ખેતરોમાં નિલગાયોનું પણ ભેલાણ વધી ગયું છે જેથી ખેડૂતોને ખરીફ સીઝનના પાકથી હાથ ધોવા પડે તેવી સ્થિતિ છે. ખાસ કરીને ભૂંડનાં ટોળાં દ્વારા લાલપુર પંથકના ખેતરોમાં વાવેતર થયેલ મગફળીના પાકમાં વધુ તબાહી મચાવવામાં આવી છે જેથી કેટલાક ખેડૂતોને તો ફરીથી ખેતરમાં વાવેતર કરવાની ફરજ પડી છે.

## પ્રાંતિજ ખાતે કોંગ્રેસ મહિલા કોર્પોરેટર ભાજપમાં જોડાતા પોળના લોકોએ સ્વાગત કર્યુ

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા ના વિરોધ પક્ષ ના નેતા અને વોર્ડ નંબર-૪ ના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન



બ્રહ્મભટ્ટ કોંગ્રેસ છોડી ભાજપ મા જોડાતા પોળ ના લોકોએ તેવોનુ ફુલહાર પહેરાવી સ્વાગત કર્યું

પ્રાંતિજ નગર પાલિકા ના છ વોર્ડ ૨૧ સીટો માથી પ્રાંતિજ ખાતે કોંગ્રેસ ની પ્રાંતિજ નગર પાલિકા વોર્ડ નંબર-૪ મા માત્ર એક મહિલા કોર્પોરેટર એક બેઠલ ઉપર કબ્જો મેળવી કોંગ્રેસ ને જીરો આંક માંથી ઉગારી હતી ત્યારે પ્રાંતિજ નગર પાલિકા વોર્ડ નંબર-૪ ના કોંગ્રેસ ના મહિલા કોર્પોરેટર તથા નગરપાલિકા વિરોધ પક્ષ ના નેતા દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ પણ કોંગ્રેસ નો સાથ છોડી કેસરિયો ખેસ ધારણ કરતા પ્રાંતિજ નગર કોંગ્રેસ મુક્ત પાલિકા થઈ છે અને તેવો પણ વિકાસ ના કામોને લઈ ને વિકાસ ના ધરમા જવાનુ પ્રસંદ કરતા તેવો પણ કોંગ્રેસ ના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા સાથે ભાજપ મા જોડાતા પ્રાંતિજ નગર પાલિકા મા રહેલ એક સીટ અને કોંગ્રેસ ના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટે પણ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ ના હસ્તે કેસરીયો ખેસ ધારણ કરી ભાજપ મા જોડાતા પ્રાંતિજ ખાતે તેવોના મત વિસ્તાર અને તેવોની પોળ ના લોકો તેમના મિત્રો સમર્થકો દ્વારા તેવોનુ સ્વાગત કરવામા આવ્યુ હતુ અને વિકાસ ના ધરમા પ્રવેશ કરતા ફુલહાર પહેરાવી તેવોને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો આ પ્રસંગે નગર પાલિકા વોર્ડ-૪ ના ભાજપ ના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી , હરેનભાઈ સોની , કુશવ ભાઈ બ્રહ્મભટ્ટ સહિત પોળના લોકો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા.

### દાન કરવા માટે પૈસા નહીં પરંતુ દિલ જોઈએ

## ધનસુરા તાલુકાની પાટ્યો શાળાના બાળકોને ૨-૨ સ્કુલ ડ્રેસનું અનોખું દાન

### શ્રાવણ માસ નિમિત્તે બાળકોને દર સોમવારે પાકું તિથિભોજન

બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૩

દાતાઓ અનેક રીતે મદદે આવતા હોય છે. મોટા ઉદ્યોગ હોય તેવા લોકો દાન કરે તે સમજી શકાય પરંતુ અહીં વાત છે ગ્રામ્ય વિસ્તારના ઉદાર દિલના દાતાની. બાયડ તાલુકાની પાટ્યો પ્રા. શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને ૨-૨ સ્કુલ ડ્રેસનું દાન આપી બટુકસિંહ મંગાજી ખાંટે સાચા અર્થમાં શિક્ષણ મંદિરના સેવકોને યોગ્ય દાન આપ્યાનું જોવા મળ્યું. જ્યારે શ્રાવણ માસ આવે એટલે ખાંટ પરિવાર દર સોમવારે બાળકોને તિથિ ભોજન આપતા હોય છે.



શાળાના મુખ્ય શિક્ષક સંજયભાઈ રમણભાઈ પટેલે જણાવ્યું કે ધનસુરા તાલુકાની છેવાડાની અંતરીયાળ પાટ્યો પ્રા.શાળામાં ૨૨ બાળકો અભ્યાસ કરે છે. જેમાં અનેક બાળકોના પરિવારની હાલત એવી છે કે તેઓ તેમના સંતાનને સ્કુલ ડ્રેસ પણ કદાચ ન આપી શકે ત્યારે શ્રાવણિયા સોમવાર નિમિત્તે દાતા બટુકસિંહ ખાંટે શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોને ૨-૨ સ્કુલ ડ્રેસનું અનોખું દાન આપી બાળકોને શિક્ષણ પ્રત્યે ઉત્સાહિત કર્યા છે. જ્યારે શ્રાવણ માસ દરમ્યાન દર સોમવારે તિથિ ભોજન અપાતાં એસ.એમ.સી. કમીટી અધ્યક્ષ તેમજ શાળા પરિવારે ખાંટ પરિવારની ભાવનાને બિરદાવી છે.

## જુના ભવનાથ મંદિરમાં મેઘરાજાએ કર્યો શિવલીંગનો જળાભિષેક

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં મેઘમહેર યથાવત રહી





છે શ્રાવણ મહિનામાં મેઘરાજા મહેરબાન થતા સતત વરસાદ ખાબકી રહ્યો છે ચોમાસા જામતા અરવલ્લીની ગિરિમાળાઓ ખીલી ઉઠી છે તળાવ,જળાશયો છલકાઈ રહ્યા છે ભિલોડાના જુના ભવનાથ મંદિરના ગર્ભ ગૃહમાં પાણી ભરાતા જાણે મેઘરાજા શાહી સવારી સાથે શિવલિંગ પર જળાભિષેક કરી રહ્યા હોવાનું ભક્તો અહેસાસ અનુભવી રહ્યા છે

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં ચોમાસાની સિઝન દરમિયાન સરેરાશ સો ટકા જેટલો વરસાદ વરસ્યો છે.સતત વરસાદ ખાબકતા લીલો દુકાળ પડે તેવી સંભાવના વચ્ચે ખેડૂતોના માથે આફતના એંધાણ વર્તાયા છે. કૂવા,નદી,નાળા,વાંધા-કોતરો,તળાવો,જળાશયો મોટા ભાગે છલકાઈ રહ્યા છે.હાથમતી અને ઈન્દ્રાસી જલાગાર સરેરાશ ૯૦ % ભરાતા મનમોહક દ્રશ્યો સર્જાયા છે.મઉં ગામની હદમાં આવેલ પૌરાણિક સ્વયંભુ શ્રી ભુવનેશ્વર મહાદેવ મંદિરના ગર્ભગૃહમાં સરેરાશ પાંચ ફુટ પાણી ભરાયું છે.ભાવિક ભક્તો દુર-દુર થી દર્શનાર્થે ઉમટયા હતા.

## ધાનેરામાં ધાખા દરવાજે આવેલ રામાપીરના મંદિર ખાતે રામધૂન...

ધાનેરા તા. ૨૩



૨૦ વર્ષો જૂની પરંપરા મુજબ ધાનેરા ધાખા દરવાજે આવેલ રામાપીરના મંદિરે જન્માષ્ટમીના પર્વ નિમિત્તે ભવ્ય રામધૂન નો કાર્યક્રમ રાખવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો એકત્ર થઈ ૨૪ કલાક સુધી રામધુન બોલાવે છે .ત્યારે આજે વહેલી સવારથી જ રામધૂનના કાર્યક્રમનું શુભારંભ કરવામાં આવ્યો છે. મોટી માત્રામાં ભક્તો પણ રામધૂન કાર્યક્રમમાં જોડાયા છે ખૂબ જ ઉત્સાહ સાથે જન્માષ્ટમીના પર્વની નિમિત્તે રામધૂન કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

## અરવલ્લીના શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમી રહેલાં જુગારધામ : પોલીસ વડાની ચૂપકીદીથી આશ્ચર્ય

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૩

અરવલ્લી જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધમધમતા શ્રાવણિયા જુગારથી અનેક પરિવાર બરબાદ થઈ રહ્યા છે. પોલીસ વડાની ચૂપકીદીએ સૌને આશ્ચર્યમાં મૂક્યા છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રેન્જ કક્ષાએથી જિલ્લામાં દારુ, જુગાર અને નશીલા પદાર્થની બદી ઉપર તૂટી પડવાના આદેશ પછી પણ જિલ્લામાં પોલીસની કામગીરી શંકાસ્પદ જણાય છે. ખુદ પોલીસ અધિકારી અને કર્મચારીઓ દારુના વેપારી તેમજ વહીવટદાર બની ગયાના કિસ્સા પ્રકાશમાં આવે છે તેના ઉપરથી જ જિલ્લામાં ખાખી વર્દીની શાખ તળીયે જતી હોવાનું ચિત્ર ઉપસ્યું છે. પાછલા ૧ મહિનામાં જિલ્લામાં જુગારના અડધો ડઝનથી વધુ કેસ નોંધ્યા છે. જ્યારે પોલીસ મથકના લોકઅપ રૂમમાં બહારના લોકો પ્રવેશતા હોવાના વિડીયો પણ વાયરલ થઈ રહ્યા છે તેના ઉપરથી જ પોલીસની અસામાજીક તત્વો સાથેની જુગલબંધી પ્રજા સમજવા લાગી છે.

## અવસાન નોંધ



બાયડ : બાયડ ગામના હસમુખભાઈ ડાહ્યાભાઈ ભાટીયાના પુત્ર અને અરવિંદભાઈ ડાહ્યાભાઈ ભાટીયા(પ્રમુખ : ભાટીયા સમાજ, મોડાસા જૂથ સેવા મંડળ)ના ભત્રીજા મેહૂલકુમાર ભાટીયાનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સ્વર્ગસ્થનું સૂતક અને લોકીત તા.૨૯ ઑગષ્ટ, સોમવારે તેમના નિવાસસ્થાન શ્રી હરિપાર્ક સોસાયટી, મહાકાળી મંદિર પાસે, બાયડ ગામમાં સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ રાખેલ છે.